સંવત ૨૦૭૮નું રાશિવાર ભવિષ્ય

મેષ રાશિ : (અ.લ.ઈ.)

વિ.સં. ૨૦૭૮ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા દશમા કર્મભાવે રહેતા તા. ૨૦-૧૧-૨૧થી તમારા લાભસ્થાને આવશે. તા. ૧૩-૪-૨૨થી ગુરૂ તમારા બારમા વ્યયભાવમાં આવશે. શનિ વર્ષારંભે તમારા દસમા કર્મભાવે રહેતા તા. ૨૯-૪-૨૨થી શનિ તમારા અગિયારમા લાભ સ્થાનમાં આવશે. તા. ૧૨-૭-૨૨થી વક્રી થઈ શનિ તમારા દસમા કર્મસ્થાને આવશે. વર્ષની શરૂઆતમાં રાહુ તમારા ધન ભાવે અને કેતુ તમારા આઠમે સ્થાને રહેલા છે. મંગળ તમારા સાતમા સ્થાનથી ત્રીજા સ્થાન સુધીનું ભ્રમણ પુરું કરશે. તા. ૧૨-૪-૨૨થી રાહુ તમારી રાશિમાં અને કેતુ તમારા સાતમા સ્થાને આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા દશમા કર્મભાવે રહેશે. જે સામાન્ય ફળ આપે. નવીન ધંધા વ્યવસાયિક કાર્યોમાં સફળતા મળે. નોકરિયાત વર્ગને નોકરીમાં તકલીફો રહે. રાજકીય કાર્યકર્તાઓ માટે સમય મધ્યમ ગણાય. નુકસાન અને નિષ્ફળતા નિશ્ચિત હોવા છતાં નાણાં પ્રાપ્તિની તૃપ્તિ કરી શકશો. કપરી કસોટીમાંથી પાર થયાનો અનુભવ કરશો. આત્મબળ અને મહેનતથી ધંધાનો વિકાસ સારો થાય. જરૂરિયાત વગરના ખર્ચાઓ ઉભા થાય. સંતાન બાબતની તકલીફો રહે.

તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા અગિયારમાં લાભસ્થાને આવશે. જે આવકવૃદ્ધિના પૂર્ણ યોગ બનાવે છે. ધંધા-વ્યવસાયિક લાભ સારા મળે. શેર સટ્ટાકીય કાર્યોમાં લાભ થાય. મોટા ભાઈભાંડુથી લાભ થાય. સામાજિક ક્ષેત્રે માન પ્રતિષ્ઠામાં વધારો થાય.

તા. ૧૩-૪-૨૨થી ગરૂ તમારા બારમા વ્યયસ્થાને આવશે. આ સ્થાનમાં તે શુભ ફળ ન આપે છતાં સ્વગૃહી હોવાથી એટલું ખરાબ પણ નહીં કરે. ધંધાકીય કે સ્થાવર કોઈ પણ પ્રકારનું રોકાણ કરવું યોગ્ય નથી. કુટુંબમાં શુભ માંગલિક કાર્યો થાય. હિતશત્રુઓ દ્વારા વિશ્વાસઘાતના યોગ બને. દાન-ધર્મ જેવા કાર્યો તમે ફરજના નામે કરશો. ખોટા ખર્ચના પ્રસંગો અવાર નવાર બનતા રહેશે.

વર્ષની શરૂઆતમાં શનિ તમારા દશમા કર્મભાવે રહે છે. શનિ મંદગતિનો હોવાથી ધંધા રોજગારમાં વિલંબથી સફળતા અપાવે. નાણાં સંબધી ભરતી-ઓટનો અનુભવ થાય. દામ્પત્ય જીવનમાં અસંતોષ રહ્યા કરે. તમારી વાણી અને વિચારનું મંથન તમને ઘર્ષણ જેવું લાગશે. કોર્ટ કચેરીને લગતા કામોમાં સાચવવું.

તા. ૨૯-૪-૨૨થી શનિ તમારા અગિયારમા લાભસ્થાને આવશે. આ સમયમાં અનેક આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. કોઈને આપેલ નાણાં ફસાઈ જવાના પૂરા ચાન્સ છે. તમે અશાંતિ અને અજંપો દૂર કરવાના નિરર્થક પ્રયત્નો કરશો. આરોગ્ય બાબતે નાની-મોટી તકલીફો રહ્યા કરે. અણધારી ચિંતા અને મુશ્કેલીનો સામનો કરવો પડે.

તા. ૧૨-૭-૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા દશમા કર્મભાવે આવશે. જે તમારા ધંધા વ્યવસાય પર માઠી અસર પાડશે. પિતા સાથે ધંધા વ્યવસાય ક્ષેત્રે વિચારોમાં મતભેદ રહે. દસ્તાવેજી કાર્યમાં સાચવવું. સાહસ અને પરાક્રમથી આગળ વધવાના પ્રયત્નો કરશો.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા બીજા ધનભાવે રહે છે. જે કૌટુંબિક તકલીફો આપે. આર્થિક રીતે તમે નબળા પડતા જણાવ. નાણાંકીય નુકસાન થાય એવા યોગ સર્જાય. દાંત અને આંખને લગતી તકલીફોથી સાચવવું. પરિવારની આર્થિક કે કાનૂની જવાબદારીનો બોજો તમારી ઉપર આવે.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા આઠમા સ્થાને રહે છે. જેથી આરોગ્ય બાબતે અનેક તકલીફો રહે. અનેક વખત તમારું માન ભંગ થવાના કારણે માનસિક અશાંતિ રહે. પરિવારના સભ્યોની આવક સુધરે. લખાણ કે દસ્તાવેજ સંબંધી કાર્યમાં સાવચેતી રાખવી. મળેલી સહાયનો તમે ખોટી રીતે ઉપયોગ કરશો. તમારી ઈમાનદારી શંકાસ્પદ બની શકે છે.

તા. ૧૨-૪-૨૨થી રાહુ તમારી રાશિમાં આવશે. જે આરોગ્ય બાબતે પ્રતિકૂળ છે. શારીરિક-માનસિક અસ્થિરતાને કારણે ઈર્ષ્યા અને વહેમનું વાતાવરણ રહે. ભાગીદારીના વ્યવસાયિકોને ટેન્શન વધુ રહે તમે વિશ્વાસઘાતની લાગણી અનુભવશો. તમે અહીં અનુભવ કરશો કે વસ્તુઓનું મૂલ્ય નથી પરંતુ વ્યકિતત્વનું મૂલ્ય વિશેષ છે.

તા. ૧૨-૪-૨૨થી કેતુ તમારા સાતમા સ્થાને આવશે જે પ્રતિકૂળતામાં વધારો કરે. ધંધાકીય કાર્યોમાં અવરોધ રુકાવટો આવે કોર્ટ કચેરીને લગતા કાર્યો તેમજ જાહેર જીવનને લગતા કામકાજમાં નિષ્ફળતા મળે. અંગત જીવનમાં તકલીફો આવે.

સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. કૌટુંબિક યશ ઓછો મળે. સામાજિક પ્રતષ્ઠા મેળવી શકશો. અંગત સંબંધો જાળવવા માટે તમારે ઊંડાણપૂર્વક વિચારવાની જરૂર છે. સામાજિક કાર્યો દ્વારા તમારી મિત્રતામાં વધારો થાય. બેચેનીઅને અસ્વસ્થતામાં વધારો થાય.

વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. અભ્યાસમાં ધીમી ગતિએ મંદ સફળતાના યોગ બને. તમે અહીં કોઈ નિર્ણય ન લઈ શકો. તમારી ધીરજની કસોટી થતી જણાય.

વૃષભ રાશિ : (બ.વ.ઉ.)

વિ.સં. ૨૦૭૮ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા નવમા સ્થાને રહેતા તા. ૨૦-૧૧-૨૦૨૧થી તમારા દસમા કર્મભાવે આવશે. તા. ૧૩-૪-૨૨થી ગુરૂ તમારા અગિયારમા લાભભાવે આવશે. શનિ વર્ષની શરૂઆતમાં તમારા નવમા ભાગ્ય ભાવે રહેશે.

તા. ૨૯-૪-૨૨થી શનિ તમારા દસમા કર્મભાવે આવશે. તા. ૧૨-૭-૨૨થી શનિવક્રી થઈ પાછો તમારા નવમા ભાગ્યભાવે આવશે. વર્ષની શરૂઆતમાં રાહુ તમારી રાશિમાં અને કેતુ સાતમા સ્થાનમાં રહેશે. તા. ૧૨-૪-૨૨થી રાહુ તમારા બારમા વ્યય સ્થાને અને કેતુ તમારા છઠ્ઠા રોગ શત્રુ ભાવમાં રહેશે. મંગળ તમારા છઠ્ઠા સ્થાનથી બીજા સ્થાન સુધીનું ભ્રમણ પુરું કરે છે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા નવમા ભાગ્ય ભાવે રહેશે. જે તમારી આર્થિક સમૃદ્ધિમાં વધારો કરે. પરિવારના સભ્યો તમારી જવાબદારીમાં વધારો કરે. કૌટુંબિક યશ-માન સારા મળે. માંગલિક તેમજ ધાર્મિક કાર્યો પાછળ વધુ ખર્ચ થાય.

તા.૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા દસમા કર્મભાવે આવશે. જે ધંધા વ્યવસાયિક કાર્યો માટે પ્રગતિકારક ગણાય. સ્થાવર, ભૂમિ, મકાન આદિના યોગ બને. નોકરિયાત વર્ગને નોકરીમાં નાની-મોટી તકલીફો રહ્યા કરે. તમારું બુદ્ધિપૂર્વકનું આયોજન સફળ થતું જણાય. ભાગીદારીના વ્યવસાયિકોને ભાગીદારો સાથે મનદુઃખના પ્રસંગો બને.

તા.૧૩-૪-૨૨થી ગુરૂ તમારા અગિયારમા લાભ ભાવે આવશે. અહીં તે સ્વગૃહી બને છે. સામાજિક કાર્યો સારા થાય. નોકરિયાત વર્ગને ઉપરીવર્ગથી માન-સન્માન સારા મળે. નવિન સાહસો કરી મોટા લાભ લેવા મન લલચાય. માંગલિક તેમજ ધાર્મિક કાર્યો પાછળ વધુ ખર્ચ થાય. નોકરિયાત વર્ગને બઢતી કે પ્રમોશનની શકયતા નકારી શકાતી નથી.

વર્ષની શરૂઆતમાં શનિ તમારા નવમા ભાગ્ય ભાવે રહેશે. વડીલ વર્ગને ઘાતક બિમારીના યોગ બને. ધંધાકીય મુસાફરી તકલીફકર્તા બને. અથાગ મહેનત, પરિશ્રમ બાદ સફળતા નહિવત મળે. કોઈપણ પ્રકારના સંબંધોમાં નાની-મોટી તિરાડ પડવાના યોગ બને.

તા. ૨૯-૪-૨૨થી શનિ તમારા દસમા કર્મભાવે આવશે. જે વધુ મહેનત-પરિશ્રમના યોગ બનાવે. ખાનગી જવાબદારીનો ભાર સહન કરવો પડે નાણાંકીય સ્થિતિ અછતવાળી જણાય. અજાણતા જ ખર્ચના ખાડામાં ઉતરી જવાય. ભાગીદારીના વ્યવસાયિકોને ખૂબ જ સાવચેતીપૂર્વકના પગલાં લેવા.ધંધા-વ્યવસાયિક ઉઘરાણી પરત આવવામાં વિલંબ થાય.

તા. ૧૨-૭-૨૨થી શનિ વક્રી થઈ તમારા નવમા ભાગ્યભાવે આવશે. કોર્ટ કચેરીને લગતા કાર્યમાં ફસાઈ ન જવાય તે સાચવવું. ખોટા સાહસિક કાર્યોથી સાચવવું. નોકરિયાત વર્ગને નોકરીમાં તકલીફો રહે. મિત્ર વર્ગ કે અંગત વ્યકિતની જામીનગીરીથી દૂર રહેવું. ધનભાગ્ય વૃધ્ધિમાં વિઘ્નો-અવરોધો આવે.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારી રાશિમાં રહેશે. જે આંતરિક-માનસિક તેમજ શારીરિક તકલીફો વધારે. તમને સત્ય વિષેનું જ્ઞાન હોવા છતાં તમારે તેની વિરુદ્ધનું આચરણ કરવું પડે. કૌટુંબિક ઘર્ષણ વધે. જન્મના ગ્રહોનો સાથ નહીં હોય તો તમારી જિંદગીની મહત્વની મૂડી વેડફાઈ જાય. તમે વિશ્વાસઘાતની લાગણી અનુભવશો.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા સાતમા ભાગીદારી સ્થાનમાં આવશે. જે પ્રતિકૂળતામાં વધારો કરે. લગ્ન કરવા ઈચ્છુકો માટે સમય પ્રતિકૂળ છે. ભાગીદારીના વ્યવસાયિકોને ભાગીદારી છૂટી જવાના તથા ભાગીદાર સાથે અણ બનાવના યોગ બને.

સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. સામાજિક કાર્યો દ્વારા તમારી મિત્રતામાં વધારો થાય. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં સંભાળવું. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગથી મનદુઃખ કે અણબનાવ રહે. અંગત વ્યકિત પરનો વિશ્વાસ અયોગ્ય ઠરે. તમારા વ્યકિતત્વ પર લાંછન ન લાગે તેની કાળજી રાખવી.

વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. અભ્યાસમાં ધીમી ગતિએ મંદ સફળતાના યોગ બને. અભ્યાસાસ સાથે નોકરી કરતાં વિદ્યાર્થીઓને વધુ ચિવટ રાખવાની જરૂર છે. ગૂઢવિદ્યાના અભ્યાસીઓ માટે આ સમય અનેક સિધ્ધિઓ અપાવે.

મિથન રાશિ : (ક.છ.ઘ.)



વિ.સં. ૨૦૭૮ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા આઠમા આયુષ્ય સ્થાને રહેતા તા. ૨૦-૧૧-૨૦૨૧થી ગુરૂ તમારા નવમા ભાગ્યભાવે આવશે. તા. ૧૩-૪-૨૨થી ગુરૂ તમારા દસમા કર્મભાવે આવશે. શનિ વર્ષની શરૂઆતમાં તમારા આઠમા ભાવમાં રહે છે. તા. ૨૯-૪-૨૨થી શનિ તમારા નવમા ભાગ્યભાવમાં આવશે. તા. ૧૨-૭-૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા આઠમા ભાવમાં આવશે. વર્ષની શરૂઆતમાં રાહુ તમારા બારમા વ્યયભાવે અને કેતુ છઠ્ઠા રોગશત્રુ ભાવમાં રહેશે. તા. ૧૨-૭-૨૨થી રાહુ તમારા લાભભાવે રહેશે. કેતુ તમારા પાંચમા સ્થાને રહેશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા આઠમા સ્થાનમાં રહેશે. આર્થિક-શારીરિક નુકસાનના યોગ બને. ખાન-પાનસંબંધી આદતોથી સંભાળવું. તમારા વ્યવહારિક ખર્ચમાં વધારો થાય. તમે મનોમન પોતાના વ્યકિતત્વને ખંડિત થતું જોશો.

તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તારા નવમા ભાગ્યભાવે આવશે. જેથી તમારી કૌટુંબિક જવાબદરીમાં વધારો થાય. તમે વૈભવી જીવન જીવવાના આદતી બનશો. તમે તમારી જવાબદારીની મર્યાદા ઓળંગી ન જાવ તેની કાળજી રાખવી. અહીં રહેલ ગુરુ વિશે કહેવાય છે કે 'ભાગ્યે જીવી સર્વ સૌભાગ્ય સિદ્ધિ' તેને તમે સાર્થક થતું અનુભવશો.

તા. ૧૩-૪-૨૨થી ગુરૂ તમારા દશમા કર્મભાવે આવશે. નોકરિયાત વર્ગને આર્થિક પ્રાપ્તિના યોગ સારા બને. વડિલવર્ગથી લાભ થય. વર્ષની શરૂઆતમાં શનિ તમારા આઠમા સ્થાનમાં આવશે. જે આરોગ્ય બાબતે વધુ કષ્ટદાયી ગણાય. આવકના પ્રમાણમાં ખર્ચના પ્રસંગો વધુ બને. આર્થિક વ્યવહારો બાબતે તમારે ગણતરીબાજ બનવું પડે. સંઘર્ષ-મહેનત-પરિશ્રમ કરી વધુને વધુ ઝઝૂમવું પડે.

તા. ૨૯-૪-૨૦૨૨થી શનિ તમારા નવમા ભાગ્યભાવે આવશે. જે ભાગ્યવૃદ્ધિના કાર્યોમાં વિલંબ કર્તા બને. વ્યવસાયિક ક્ષેત્રે એક નવી તક મળશે. ગંભીરતાપૂર્વક કરેલી વિચારણા લાભદાયી નિવડે.

તા. ૧૨-૭-૨૨થી શનિ પાછો વક્રી થઈ તમારા આઠમા ભાવમાં આવશે. જેમાં આર્થિક, શારીરિક તકલીફોથી તમે ત્રાહિમામ થઈ જાવ. તમારી ઈચ્છા હોવા છતાં ધન સંચય કરી ન શકો. આંતરિક મનદુઃખના પ્રસંગો બને. ખોટા પ્રલોભનોથી દૂર રહેવું. આઠમે શનિ હોવાથી લાંબી બિમારીના યોગ બને. મિત્ર વર્ગથી વિયોગ થાય. સ્થાવર સંબધી ખોટ સહન કરવી પડે.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા બારમા વ્યય સ્થાને રહે છે. અહીં તમારે આર્થિક નુકસાનના યોગ વધુ બને. જીવનની બાજી જીતવા માટે તમારે અવનવા ખેલ ખેલવા પડશે. ધંધાકીય નવીન કાર્યો વધુ તકલીફવાળા નિવડે. નાની નાની વાતમાં ઘર્ષણ ઉભું થાય. નાનીઅમથી ભૂલો નુકસાનના મોટા યોગ બનાવે. વિરોધીઓ પર કાબૂ મેળવવામાં અસફળ થવાય. દરેક કાર્યોમાં અવરોધ, રૂકાવટો આવે છતાં દ્રઢતાથી કામ કરશો તો કંઈક પ્રાપ્ત કરી શકશો. બિનજરૂરી ખર્ચને કાબુમાં રાખવા જરૂરી બને.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા છઠ્ઠા રોગશત્રુ સ્થાને રહે છે. અહીં તમારે શારીરિક નાની મોટી તકલીફો તેમજ શસ્ત્રક્રિયાના યોગ બને. નાણાંકીય મદદ મેળવી શકશો અને બીજાના ઋણી બનશો. નોકરિયાત વર્ગને નોકરીમાં ઉપરી વર્ગ કે સહકાર્યકરો સાથે મતભેદ થાય.

તા. ૧૨-૪-૨૨થી રાહુ તમારા લાભ ભાવે આવશે. જે આર્થિક પ્રગતિના નવા વળાંકો લાવે. સંઘર્ષ અને અસ્થિરતા છતાં સારા લાભ મેળવી શકશો. તમારી સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય. અંગત વ્યકિત સાથે મનદુઃખના પ્રસંગો બને.

તા. ૧૨-૪-૨૨થી કેતુ તમારા પાંચમા ભાવે આવશે. જે સંતાન બાબતની નાની-મોટી તકલીફો રાખે, પેટ આંતરડા સંબંધી નાની મોટી તકલીફો રહે. જન્મના ગ્રહોનો સાથ ન હોય તો શસ્ત્રક્રિયા પણ સંભવે. શત્રુઓ પર વિજય પ્રાપ્ત થાય. અંગત વ્યકિત પરનો વધુ પડતો વિશ્વાસ વિશ્વાસઘાતમાં પરિણમે.

સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. ધીરજ અને સહનશકિત વધુ